ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૧૯/૨૮૧૨/બ.૧
મહિલા અને બાળ વિકાસ વિભાગ
નવા સચિવાલય, ગાંધીનગર.
તા.૨૧/૦૮/૨૦૧૯

પ્રતિ,

(૧) નિયામકશ્રી (આઈસીડીએસ)
કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી,
૨૦, ડૉ. જિવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૨) સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી
જિલ્લા પંચાયત કચેરી, ...................

(૩) સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી
મ્યુનિસિપલ કોર્પોરેશન, ..................

વિષય: મુખ્ય સેવિકાના ઉચ્ચતર પગાર ધોરણની સ્પષ્ટતા કરવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અન્વયે સમગ્ર ગુજરાત રાજ્યના આઈસીડીએસ શાખા સાથે સંકળાયેલ મુખ્યસેવિકાઓના પ્રથમ ઉચ્ચતર પગારધોરણ બાબતની તા.૦૧/૦૭/૨૦૧૯ ની અરજી તથા ઉચ્ચતર પગારધોરણની વારંવારની રજૂઆત તથા કોર્ટકેસ સંબંધે વિભાગ દ્વારા કેટલીક સ્પષ્ટતાઓ બહાર પડે એ જરૂરી છે, જેથી સાચી માહિતી એમના સુધી પહોંચે અને વહીવટી પ્રક્રિયા સરળ બને. આ હેતુથી નીચે મુજબની સ્પષ્ટતાઓ ધ્યાને લેવા વિનંતી છે.

નાણા વિભાગ દ્વારા તા.૫/૭/૧૯૯૧ નો ઠરાવ મૂળભૂત રીતે રદ કરીને તા.૧૬/૮/૧૯૯૪ ના ઠરાવથી સુધારેલ ઉચ્ચતર પગાર ધોરણ અમલમાં મૂકવામાં આવેલ હતું. તા.૧૬/૮/૧૯૯૪ ના ઠરાવની જોગવાઈ ક્રમાંકઃ ૩(૩) મુજબ પણ; જે કેસોમાં બઢતીની જગ્યા ઉપલબ્ધ નથી તે કેસોમાં તથા, " જુદાં જુદાં પગાર ધોરણવાળા પૂરક સંવર્ગોવાળી જગ્યાઓના કેસમાં તે જગ્યાઓના ઉચ્ચતર પગાર ધોરણ બઢતીના પગાર ધોરણના બદલે તેના હાલના પગાર ધોરણ સાથે મળતુ આવતું, ઠરાવ સાથે જોડેલ અનુસૂચિઃ (૧)માં નિર્દિષ્ટ કર્યા મુજબનું ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવાનું થાય છે."

બાળ વિકાસ યોજના અધિકારીના તા. ૬/૧૦/૮૩ ના ભરતી નિયમો મુજબ બાળ વિકાસ યોજના અધિકારીની પૂરક જગ્યામાં જુદાં જુદાં ધોરણવાળી ચાર જગ્યાઓ છે. જેમાં સોશીયલ વર્કર (પગાર ધોરણ રૂ. ૧૬૪૦-૨૯૦૦), બ્લોક/ ડીસ્ટ્રીક્ટ એક્સટેન્શન એજ્યુકેટર (પગાર ધોરણ રૂ. ૧૬૪૦-૨૯૦૦), પબ્લિક હેલ્થ નર્સ (પગાર ધોરણ રૂ. ૧૪૦૦-૨૩૦૦) અને મુખ્ય સેવિકા (પગાર ધોરણ રૂ. ૧૪૦૦-૨૩૦૦) નો સમાવેશ થાય છે.

તા.૧૬/૮/૧૯૯૪ના ઠરાવની ઉક્ત જોગવાઇને ધ્યાને લેતાં તા.૧/૬/૧૯૮૭ ના રોજ મુખ્ય સેવિકા (પગાર ધોરણ રૂ.૧૪૦૦-૨૩૦૦) ને તેની બઢતીની જગ્યા ઉપલબ્ધ હોવા છતાં; પણ નિયમો મુજબ અનુસૂચિ-૧ મુજબનું પગાર ધોરણ રૂ. ૧૬૪૦-૨૯૦૦ ઉચ્ચતર પગાર ધોરણ તરીકે મળવાપાત્ર થાય.

વિભાગે બાળ વિકાસ યોજના અધિકારી, વર્ગ-૨ ના તા.૧૫/૧૨/૧૯૮૯ થી ભરતી નિયમો પ્રસિધ્ધ કરેલ હતા; આ ભરતી નિયમોની જોગવાઇ મુજબ પૂરક જગ્યા તરીકે માત્ર મુખ્ય સેવિકા (પગાર ધોરણ રૂ. ૧૪૦૦-૨૩૦૦) સંવર્ગ જ રાખવામાં આવેલ હતો.

સદર ૧૯૮૯ના ભરતી નિયમોને આધારે પૂરક જગ્યા માત્ર એક જ છે તેમ ગણીને બઢતીનુ પગાર ધોરણ રૂ.૨૦૦૦-૩૫૦૦ મંજૂર કરવામાં આવે તો આ ભરતી નિયમો પ્રસિ થયા પહેલાના કેસો કે જેમાં અનુસૂચિ-૧ મુજબ રૂ.૧૬૪૦-૨૯૦૦ ઉચ્ચતર પગાર ધોરણ તરીકે મંજૂર થયેલ છે કે કરવાના છે તેવા સિનિયર કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણમાં વિસંગતતા ઉભી થાય. આવી વિસંગતતાઓ ઉભી ના થાય તે માટે નાણા વિભાગના તા.૧૬/૧૦/૧૯૯૩ ના ઠરાવથી સ્પષ્ટતાઓ બહાર પાડવામાં આવેલી છે. આ ઠરાવની સ્પષ્ટતા ક્રમાંકઃ ૧૮ માં એ સ્પષ્ટ કરવામાં આવેલ છે કે, જે કેસોમાં તા.૧/૬/૧૯૮૭ ના રોજ અનુસૂચિ મુજબનું ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર હતું તેમના કિસ્સામાં બઢતીની જગ્યા તા.૧/૬/૧૯૮૭ પછી અમલમાં આવી હોય તો પણ અનુસૂચિ મુજબનું ઉચ્ચતર પગાર ધોરણ જ મળવાપાત્ર રહેશે.

ત્યારબાદ તા.૧૬/૮/૧૯૯૪ ના ઠરાવની જોગવાઇ ક્રમાંક ૩(૮) માં અને ત્યારબાદ; તા.૨/૭/૨૦૦૭ ના ઠરાવથી અમલમાં આવેલ યોજનાની જોગવાઇ ક્રમાંકઃ ૨(૧૭) માં પણ જે કેસોમાં અનુસૂચિ-૧ મુજબનું ઉચ્ચતર પગાર ધોરણ મળેલ છે તેવા કેસો માટે આ જોગવાઇ વધુ સ્પષ્ટતા સાથે ચાલુ રાખવામાં આવેલ છે.

ઉપરોક્ત વિગતો ધ્યાને લેતા મુખ્ય સેવિકાને નિયમાનુસાર નાણા વિભાગની અનુસૂચિ મુજબનું રૂ.૧૬૪૦-૨૯૦૦ પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર થાય છે. જેની સર્વે કચેરીએ નોંધ લેવા તથા સંબંધિતોને જાણ કરવા વિનંતી છે.

સચિવશ્રીની નોંધ પર મંજુરી મળેલ છે.

આપનો વિશ્વાસુ,

(ગોપાલસિંહ યાદવ)
સેક્શન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ

નકલ રવાના:

1. માન. મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, નવા સચિવાલય, ગાંધીનગર.
2. માન. નાણામંત્રીશ્રીના અંગત મદદનીશશ્રી, નવા સચિવાલય, ગાંધીનગર.
3. માન. મંત્રીશ્રીના અંગત મદદનીશશ્રી, મહિલા અને બાળ કલ્યાણ, નવા સચિવાલય, ગાંધીનગર
4. માન. રા.ક. મંત્રીશ્રીના અંગત મદદનીશશ્રી, મહિલા અને બાળ કલ્યાણ, નવા સચિવાલય, ગાંધીનગર.
5. સચિવશ્રી (આ.બા.), નાણા વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.
6. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ. જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, ગાંધીનગર.
7. નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટની કચેરી, ૧૮, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
8. સર્વે વિભાગીય નાયબ નિયામકશ્રી, ........................................
9. સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી, આઈસીડીએસ, જિલ્લા પંચાયત કચેરી, ..................
   (જરૂરી કાર્યવાહી સારૂ)
10. સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી, આઈસીડીએસ, મ્યુનિસિપલ કોર્પોરેશન, ...................
    (જરૂરી કાર્યવાહી સારૂ)
11. સર્વે ફરજ બજાવતા/નિવૃત્ત બાળ વિકાસ યોજના અધિકારીશ્રી (મારફત સંબંધિત પ્રોગ્રામ અધિકારીશ્રી)
12. સર્વે ફરજ બજાવતા/નિવૃત્ત મુખ્યસેવિકાશ્રી (મારફત સંબંધિત પ્રોગ્રામ અધિકારીશ્રી)